મેન્યુઅલ્સ – ૧૧ ( નિયમ સંગ્રહ – ૧૧)

કલમ – ૪ (૧) (ખ) (૧૧)

સંસ્થાને અંતર્ગત તમામ યોજનાઓ અંગેની વિગતો,

(૧) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજળીકરણ (TASP Scheme)

- વીજ વિતરણ કંપનીઓ દ્વારા આદિજાતિ વિસ્તારોમાં પેટાપરા તેમજ કૃષિ વિષયક કુવાઓનું વીજળીકરણ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કરવામાં આવે છે.
- આદિજાતિ વિસ્તારોમાં કુવાઓનું વીજળીકરણ કરવા માટે, રાજ્ય સરકારશ્રી તરફથી એચટી/એલટી લાઇન, ટ્રાન્સફોર્મર સેન્ટર તેમજ સર્વિસ કનેક્શન ચાર્જ માટે શેર કેપીટલ ફાળવવામાં આવે છે.
- અરજદારે માત્ર રજીસ્ટ્રેશન ચાર્જ, સીક્યુરીટી ડીપોઝિટ, એગ્રીમેન્ટ તથા ટેસ્ટ રીપોર્ટના નાણાં ભરપાઇ કરવાના રહે છે.
- આદિજાતિ વિસ્તારોમાં પેટાપરાઓનું વીજળીકરણ કરવા માટે જરૂર જણાયે ભારે દબાણ લાઇન, વીજ વિતરણ કેન્દ્ર અને હળવા દબાણની લાઇન નાંખીને વીજળીકરણ કરવામાં આવે છે.

(૨) કૃષિ વિષયક વીજ જોડાણો યોજના (કેપિટલ) AG Wells Scheme (Normal & Darkzone)

- કુવા વીજળીકરણની માંગણી માટેની નોંધપાત્ર પડતર અરજીઓને ધ્યાને લઇને રાજય સરકાર સામાન્ય યોજના હેઠળ (ડાર્કઝોન સહિત) વધુ વીજ જોડાણ આપવા ઇચ્છુક છે. આ નોંધપાત્ર પડતર અરજીઓના નિકાલ માટે વીજ વિતરણ કંપનીઓને વ્યાપક નાણાંકીય સ્ત્રોતો ની જરુર છે.
- સામાન્ય યોજના અંતર્ગત (ડાર્કઝોન સહિત) એચટી/એલટી લાઇન , ટ્રાન્સફોર્મર સેન્ટરનો ચાર્જ વગેરે અરજદાર પાસેથી વસુલવામાં આવતા નથી. આથી વીજ વિતરણ કંપની પરનું આર્થિક ભારણ ઓછુ કરવા રાજય સરકાર તરફથી વીજ વિતરણ કંપનીને, જીયુવીએનએલ થકી વર્ષ ૨૦૧૨-૧૩ થી શેર કેપીટલ તરીકે નાણાંકીય સહાય પુરી પાડવામાં આવે છે.

(૩) અનુસિચિત જાતિના ખેડુતોના કુવાનું વીજળીકરણ (SCSP AG Wells Scheme)

- કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા રાજ્યની કુલ વાર્ષિક યોજના પૈકી ઓછામાં ઓછી ૭.૦૯% ની જોગવાઈ રાજ્યના અનુસુચિત જાતિના લાભાર્થીઓ માટે જ વાપરવાનો આગ્રહ રાખવામા આવે છે. જેથી વાર્ષિક યોજના પૈકીની અમુક જોગવાઈ અનુસુચિત જાતિ માટે અલગ તારવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી ધ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ થી રાજયમાં અનુસુચિત જાતિનાં ખેડૂતોને અગ્રતાનાં ધોરણે કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે નાણાકીય ફાળવણી શેર કેપિટલ તરીકે અનુસુચિત જાતિ પેટાયોજના (SCSP) અંતર્ગત કરવામાં આવેલ છે.
- અનુસુચિત જાતિના ખેડુતોને ખેતીવિષયક વીજ જોડાણ માટે અનુસુચિત જાતિનું પ્રમાણ-પત્ર સાથે જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહે છે.
- અરજદારે ખેતીવિષયક વીજ જોડાણ માટે રજીસ્ટ્રેશન ચાર્જ, સીક્યુરીટી ડીપોઝીટ, એગ્રીમેન્ટ તથા ટેસ્ટ રીપોર્ટ ચાર્જ ભરપાઇ કરવાનો રહે છે.

(૪) અનુસુચિત જાતિ પેટા યોજના (SCSP House holds)

- અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ હળવા દબાણની લાઇન તેમજ ઓછામાં ઓછા ૨૦ લાભાર્થી ઓ હોય ત્યાં ટ્રાન્સફોર્મર અને ભારે દબાણની લાઇન આપી અનુસૂચિત જાતિના લાભાર્થી ઓને ઘર વપરાશના વીજ જોડાણ આપવામાં આવે છે.

- ઇન્દીરા આવાસ, ઇન્દીરાનગર, ૧૦૦ ચોરસવારના પ્લોટ કે મફત પ્લોટ કે આવી નવી વસાહતો કે જયાં અનુસૂચિત જાતિના લોકોની વસ્તી તે વિસ્તારની કુલ વસ્તી કરતા ૪૦ ટકા કે તેથી વધુ હોય અને આવા વિસ્તારમાં ઘરવપરાશના વીજજોડાણોની માંગણી પૈકી અનુસૂચિત જાતિના લોકોની માંગણી પણ ૪૦ ટકા કે વધુ હોય તેવા વિસ્તારને આ યોજનામાં આવરી શકાય.
- લાભાર્થીએ સમાજ કલ્યાણ વિભાગ મારફત અથવા વ્યકિતગત કિસ્સામાં સમાજ કલ્યાણ વિભાગ પાસેથી જાતિ અંગેનું પ્રમાણપત્ર મેળવી અરજી કરવાની રહેશે.

(૫) ઝુપડા વીજળીકરણ યોજના

- ગુજરાત સરકાર ધ્વારા રાજયના ગામડાઓ / શહેર અને નગરો તથા પરાઓના ગરીબ કુટુબો માટે સીંગલ પોઇન્ટ ઘર વપરાશના વીજ જોડાણ વિના મૂલ્યે આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અમલી બનાવવામા આવેલ છે.
- રાજ્યના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં આવેલા તમામ જાતિના અને ગ્રામ વિકાસ વિભાગ ગુજરાત સરકારની વેબસાઈટ પર ઉપલબ્ધ બી.પી.એલ. લાભાર્થીઓ અને તદઉપરાંત બી.પી.એલ યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા ગરીબ કુટંબો કે જેમની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તેવા તમામ લાભાર્થીઓને સદર યોજનામાં આવરી લેવામાં આવે છે.
- શહેરી વિસ્તાર માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/ચીફ ઓફિસરશ્રી દ્વારા તથા ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા પંચાયત દ્વારા લાભાર્થીઓનાં ફોર્મ સહિતની યાદી સંબંધિત વિજ વિતરણ કંપનીને પુરી પાડવામાં આવે છે.
- ઝૂપડા વીજળીકરણ  યોજના હેઠળ રાજ્ય સરકારશ્રી ધ્વારા ગ્રાન્ટ તરીકે નાણાંની ફાળવણી કરવામાં આવે છે. લાભાર્થીએ વીજ વપરાશ પેટે માસીક  બીલ ભરવાનુ હોય છે.

(૬) કુટીર જયોતિ યોજના

- આદિજાતિ વિસ્તારમાં રહેતા અનુસુચિત જનજાતિના ગરીબ  કુટુબો માટે સીંગલ પોઇન્ટ ઘર વપરાશના વીજ જોડાણ વિના મૂલ્યે આપવા માટે સદર યોજના અમલી બનાવવામા આવેલ છે.
- આદિજાતિ વિસ્તારોમાં  આવેલ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ અને ગ્રામ વિકાસ વિભાગ ગુજરાત સરકારની વેબસાઈટ પર ઉપલબ્ધ બી.પી.એલ. લાભાર્થીઓ અને તદઉપરાંત બી.પી.એલ યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા ગરીબ કુટંબો કે જેમની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તેવા તમામ લાભાર્થીઓને સદર યોજનામાં  આવરી લેવામાં આવે છે.
- આદિજાતિ વિસ્તારમાં રહેતા અનુસુચિત જનજાતિના લોકો માટે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ગુજરાત સરકારની વેબસાઈટ પર ઉપલબ્ધ બી.પી.એલ. યાદીમાં દર્શાવેલ અનુસુચિત જનજાતિના લાભાર્થીઓને અને જેમની મહત્તમ વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/- હોય તેવા તમામ અનુસુચિત જનજાતિના લાભાર્થીઓને સદર યોજનામાં વિનામૂલ્યે વીજ જોડાણ આપવા માટે આવરી લેવામાં આવે છે.
- સદર યોજના હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીઓની યાદી  જે તે વિસ્તારના પ્રાયોજના અધિકારી ધ્વારા સબંધિત વીજ કંપનીને પુરી પાડવાની થતી હોય છે.
- રાજ્ય સરકાર ધ્વારા ગ્રાન્ટ તરીકે નાણાની ફાળવણી કરવામાં આવે છે.

(૭) સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના (Sagarkhedu Sarvangi Vikas Yojana)

- સાગર વિસ્તારના હવામાન અને તેમાં રહેલી આર્દ્રતાને કારણે (૧) વીજ વાયરમાં કાટ લાગી જવો (૨) થાંભલાઓ ખવાઇ જવા (૩) ડીસ્ક અને પીન ઇન્સ્યુલેટરો ફેઇલ થવા (૪) ડીસ્ટ્રીબ્યુશન બોક્ષને કાટ લાગવો (૫) સર્વીસ લાઇનો ખરાબ થવી વગેરે કારણો ને લીધે વીજ વહન દરમિયાન અવારનવાર વિક્ષેપો સર્જાતા, જેને લીધે સાગરકાંઠે વસતા લોકોને અપૂરતા પ્રમાણમાં વીજ મળવી, ત્યાંના ઉદ્યોગોને નુકશાન સહન કરવુ પડતુ, માનવ અને પશુઓના પ્રાણઘાતક અકસ્માતો થતા હતા.

તેને ધ્યાનમાં રાખીને માળખાકીય સુવિધા ગુણવત્તાસભર બને તે હેતુથી માન.મુખ્યમંત્રીશ્રીએ ૬ માર્ચ ૨૦૦૭ના રોજ “સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના”ની જાહેરાત કરી. આ ૧૨ મુદ્દાનો કાર્યક્રમ છે,ઉર્જા વિકાસ જેમાંનો એક મુદ્દો છે.

- સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ઉર્જા વિકાસ અંતર્ગત સાગરકાંઠા વિસ્તારના ૧૫ જિલ્લાઓ વલસાડ નવસારી, સુરત, ભરુચ, આણંદ, અમદાવાદ, જામનગર, જુનાગઢ, પોરબંદર, કચ્છ, ભાવનગર, અમરેલી, દેવભૂમી દ્વારકા, ગીર સોમનાથ અને મોરબીના કુલ ૧૧૪ તાલુકાઓમાંથી દરીયાકાંઠાના કુલ ૩૯ તાલુકાઓ આવરી લેવાયેલ છે. આ યોજના હેઠળ ઉર્જા વિભાગ દ્વારા નીચે મુજબની મુખ્ય કામગીરીઓનું આયોજન કરવામાં આવેલ છે.
    - ➢ સ્ટ્રેન્ધનીંગ ઓફ ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ
    - ➢ સ્ટ્રેન્ધનીંગ ઓફ ટ્રાન્સમીશન સીસ્ટમ
    - ➢ ૬૬ કેવી ના નવા સબસ્ટેશનો ઉભા કરવા
    - ➢ પી.જી.વી.સી.એલ વિસ્તારમાં નવા ખેતીવાડી વિજજોડાણો આપવા.

(૮) કિસાન હિત ઉર્જા શકિત યોજના ( KHUSHY )

- કિસાન હિત ઉર્જા શકિત યોજના (KHUSHY) અંતર્ગત નાની ક્ષમતાના ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સર્ફોમર ઉભા કરી તેના ધ્વારા હળવા દબાણની લાઇન નેટવર્ક ઘટાડવાની કાર્યવાહી કરવામા આવે છે.
- આ યોજનાનો મુખ્ય હેતુ હળવા દબાણની લાઇનો ક્રમશ :ઘટાડી, હળવા દબાણની લાઇનો રહિત નેટવર્ક બનાવવાનો છે અને બીન અધિકૃત વીજ ભાર અટકાવવા તથા હળવા દબાણની વીજ લાઇનો સાથે ચેડા થતાં અટકાવવાનો છે.
- ગ્રામ્ય વિસ્તારમા ખેતી વિષયક વીજ જોડાણોને પૂરતા દબાણથી વીજ પૂરવઠો મળી રહે એ માટે હયાત ખેતીવાડી વીજ જોડાણો માં ભારે દબાણની વીજ લાઇનો વધારી નાની ક્ષમતાના ટ્રાન્સર્ફોમર (૧૦કેવીએ, ૧૬ કેવીએ,) ગ્રાહકના વીજ સ્થાપનની શકય એટલી નજીક મૂકવામા આવે છે. જેથી ગ્રાહકને ઓછામાં ઓછી હળવા દબાણની ઇંસ્યુલેટેડ લાઇન (એરિયલ બંચ/ પીવીસી કેબલ) નાંખી પૂરતા દબાણથી વીજ પૂરવઠો પૂરો પાડી શકાય.
- વીજ કંપની દ્વારા ગ્રામ્ય વિસ્તારમા લાઇન લોસ, વીજ વિતરણ લોસ,તથા ટ્રાન્સફોર્મર ફેલ્યુઅર રેટ ધ્યાને લઇ, ખેતી વિષયક ફીડરો તેમજ છુટક ખેતી વિષયક વિસ્તાર ઉક્ત કામગીરી માટે પસંદ કરવામા આવે છે. લાભાર્થી એ આ માટે સીધી કોઇ અરજી કરવાની હોતી નથી.

(૯) ઉર્જા સંરક્ષણ યોજના

- ઉર્જા સંરક્ષણ યોજના અન્વયે રાજ્યભરમાં વિવિધ સ્થળોએ ચોપાનીયા, સ્લોગન તથા વિજ્ઞાણુ માધ્યમો દ્વારા સંદેશા પહોચાડવા તથા ચર્ચા / સભાઓ / જાહેર પ્રવચનો/વિવિધ સ્પર્ધાના આયોજન દ્વારા ઊર્જા સંરક્ષણ અંગે લોકો જાગૃતિના કાર્યો હાથ ધરવામાં આવે છે.
- ઉપરાંત લો વોલ્ટેજ સીસ્ટમને હાઇ વોલ્ટેજ સીસ્ટમમાં રૂપાંતરીત કરવામાં આવે છે. જેથી લો વોલ્ટેજના પ્રશ્નો નિવારી શકાય.
- આ ઉપરાંત વિવિધ જીલ્લાઓમાં સમયાંતરે ઊર્જા બચતના પરીસંવાદો યોજવા,ઊર્જા બચત અંગેના પ્રદર્શનો યોજવા/દ્રશ્ય/દ્રાવ્ય અને વર્તમાન પત્રોમાં જાહેર ખબરો આપવી,બેનર/પોસ્ટર/પેમ્પ્લેટ વગેરેનું મુદ્રણ પ્રસારણ કરવું /લઘુ દસ્તાવેજી ફિલ્મો બનાવવી તેનુ પ્રસારણ કરવુ, આ બધી કામગીરીનો સમાવેશ કરવામાં આવે છે.વધુ માં આ યોજના અંતર્ગત ગુજરાત અને ગુજરાત બહાર થતાં વિવિધ પ્રદર્શન જેવા કે Enerasia, વાયબ્રન્ટ ગુજરાત માં ભાગ લેવામાં આવે છે.

(૧૦) આદિજાતિ વિસ્તારમાં સબસ્ટેશન અને લાઇનો:

- આ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં માળખાગત સુવિધાઓ પુરી પાડવા, જેટકો દ્વારા નવા સબસ્ટેશનો તથા તેની આનુસાંગીક વીજ પ્રવહન રેષાઓ સાથે સ્થાપવાનું તેમજ હયાત સબસ્ટેશનોની સ્થાપીત ક્ષમતામાં વધારો કરવાનું આયોજન કરવામાં આવે છે.
- આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા સબસ્ટેશનો તથા સંલગ્ન વીજ પ્રવહન રેષાઓ માટે રાજય સરકારશ્રી દ્વારા શેર કેપીટલ તરીકે નાણાકીય ફાળવણી કરવામાં આવે છે.

(૧૧) મહાનગર પાલિકા/નગર પાલિકા વિસ્તારોમાં વીજ થાંભલાઓ અને વીજ વિતરણ લાઈનો ખસેડવા/બદલવા માટેની યોજના(DISS)

- મ્યુનીસીપલ કોર્પોરેશન, નગર પાલીકા, શહેરી વિકાસ સત્તામંડળ હેઠળના અને ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓના વિસ્તૃતિકરણમાં અડચણરૂપ હોય તેમજ હયાત રસ્તાઓ પર અડચણરૂપ હોય તેવી ભારે દબાણની લાઈનો (૧૧ કેવી/૨૨ કેવી), હળવા દબાણની લાઈનો, ટ્રાન્સર્ફોમર સેન્ટર્સ, વીજ થાંભલા જેવા સંલગ્ન વીજ વિતરણ માળખાનુ શીફ્ટીંગ તેમજ જરૂરી હોય તેવા કિસ્સાઓમાં ઑવર હેડ લાઈનોને અન્ડરગ્રાઉન્ડ કરવી, એબીસી (ABC) કેબલ નાંખવો જેવી કામગીરી કરવામાં આવે છે.

(૧૨) સરદાર કૃષિ જયોતિ યોજના

- આ પ્રોજેકટનો મુખ્ય હેતુ ખેતીવાડી ફીડર્સના સાથે સંકળાયેલ જૂના – જર્જરીત વીજ વાયરોને સ્થાને નવા વીજ વાયર જરુર જણાયે તેના આનુસાંગીક ઉપકરણો સહ બદલી તેમજ ફીડરો નાં વિભાજન ની કામગીરી થકી ગુણવતાયુકત વીજ પુરવઠો પુરો પાડી ગ્રાહકોને સારી સેવા પુરી પાડવાનો છે.
- સદર યોજના હેઠળ રાજ્ય સરકારશ્રી દ્વારા કુલ પ્રોજેક્ટના ૮૦% નાણાકીય ફાળવણી કરવામાં આવે છે. જ્યારે બાકીના ૨૦% વીજ વિતરણ કંપની દ્વારા ભોગવવાની રહે છે.

(૧૩) સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય/SKY ):-

- ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગે જૂન-૨૦૧૮થી રાજ્યના ખેડૂતોના લાભાર્થે, બિનપરંપરાગત ક્ષેત્રે ઉર્જા વપરાશ વધારવા, ગ્રીન એનર્જીને ઉત્તેજન આપવા અને ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી મળે તે માટેની સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય)/(SKY)નો પાયલોટ પ્રોજેક્ટ જાહેર કરેલ. આ યોજના હેઠળ ખેડુતોને ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જા સંચાલિત સિસ્ટમ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ યોજના હેઠળ ખેડૂતો પોતાના ખેતરમાં સૌર ઉર્જા ઉત્પાદિત કરી શકે, વાપરી શકે તેમજ જે બચે તે વીજળી ગ્રીડમાં વેચી શકે છે અને વધારાની આવક મેળવી શકે છે. સ્કાય યોજના અંતગર્ત ગ્રીડના સપોર્ટ સાથે દિવસ દરમિયાન આશરે બાર કલાક સુધી વીજ પુરવઠો આપવામાં આવે છે.
- ખેડુતોને ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જા સંચાલિત સિસ્ટમ ઉપલબ્ધ કરાવનાર ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય છે. આ યોજના અમલમાં મુકવા માટે નવી ટેકનોલોજી જેવી કે વોચ ડોગ ટ્રાન્સ્ફોર્મેર (જેના દ્વારા યોજનામાં ન જોડાતા ખેડૂતોને ૩-ph પાવર સપ્લાય ૮ કલાક માટે મર્યાદિત કરી શકાય છે.) વિકસિત કરવામાં આવેલ છે. SEDM (સોલાર એનર્જી ડેટા મેનેજમેન્ટ સીસ્ટમ) વિકસાવવામાં આવેલ જેના થકી સ્કાય ફીડર પર જોડાયેલ તમામ ગ્રાહકો દ્વારા ઉત્પન્ન થતી સૌર ઉર્જા, વીજ વપરાશ તથા અન્ય માહિતી ઓનલાઈન મેળવી શકાય છે. સ્કાય યોજનામાં જોડાતા ખેડૂતોને મોબાઈલ એપ્લીકેસન ઉપલબ્ધ કરવામાં આવેલ છે જેના થકી તે પોતાનો વીજવપરાશ / વીજઉત્પાદન અંગેની માહિતી મેળવી શકે છે.

(૧૪) SURYA- Gujarat - સૂર્ય ઉર્જા રૂફટોપ યોજના:-

- રાજ્યના નાના તેમજ મધ્યમ વર્ગના વીજ ગ્રાહકોને વીજ બીલમાં રાહત આપવાના હેતુથી અને રહેણાંક ક્ષેત્રે સોલાર રૂફ ટોપનો વ્યાપ વધારવા રાજય સરકારશ્રી દ્વારા તા.૦૫.૦૮.૨૦૧૯ થી સૂર્ય ઉર્જા રૂફ ટોપ યોજના ('સૂર્ય-ગુજરાત') શરુ કરવામાં આવી છે. રૂફટોપ સિસ્ટમ લગાવવામાં ગુજરાત પ્રથમ નબરે છે.
- આ યોજના માટેની સબસિડીની રકમમાં વધારો કરી ૩-કિલોવોટ સુધી નિયત કરેલ કિંમતના ૪૦% સબસિડી તથા ૩કિલોવોટથી વધુ અને ૧૦ કિલોવોટ સુધી ૨૦% સબસિડી આપવામાં આવે છે.
- તદ્ઉપરાંત, ગ્રૂપ હાઉસિંગ સોસાયટી(GHS/રેસિડેન્સિયલ વેલ્ફેર એસોસિએશન (RWA)ની સોસાયટીની લાઇટ, સોસાયટીનુ વોટરવર્કસ, લિફ્ટ, જીમ, સ્વીમિંગપુલ, બગીચો વગેરે જેવી મઝિયારી(Common) સુવિધાઓના વીજજોડાણો માટે સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત કરવા ૨૦% સબસિડી(CFA) નિયમાનુસાર મળવા પાત્ર છે.

(૧૫) સીમશાળાઓને થ્રી ફેઝ ગુણવત્તાસભર વીજ પૂરવઠો પૂરો પાડવા (નવી બાબત):-

- હાલમાં ગામતળ બહાર ખેતીવાડી વિસ્તારમાં આવેલી સીમશાળાને ૮(આઠ) કલાક થ્રી ફેઝ અને બાકીના કલાકો દરમ્યાન સીંગલ ફેઝ વીજ પૂરવઠો નજીકના ખેતીવિષયક ફીડર પરથી સ્પેશ્યલ ડીઝાઇન ટ્રાન્સફોર્મર (એસ.ડી.ટી.) થકી પૂરો પાડવામાં આવે છે.

- પાવર સિસ્ટમની ટેકનીકલ સ્ટેબીલિટી જાળવવા માટે ખેતીવિષયક ફીડરોના ગ્રુપ બનાવી તમામ ગ્રુપને દિવસે અને રાત્રે એમ રોટેશન પ્રમાણે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવતો હોય છે. ખેતીવિષયક ફીડરની સાપેક્ષે ૨૪ કલાકના ફીડર અથવા જ્યોતીગ્રામ ફીડર પરનો વીજ પૂરવઠાની ગુણવત્તા વધારે હોઇ, સીમશાળાઓને થ્રી ફેઝ ગુણવત્તસભર વીજ પૂરવઠો દિવસના સમય દરમ્યાન મળી રહે તે માટે તા.૨૮.૦૨.૨૦૧૯ના રોજ માનનીય ઉર્જામંત્રીશ્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ચર્ચા થયા મુજબ, હાલમાં ખેતીવિષયક ફીડરો પર જોડાયેલી સીમશાળાઓને નજીકના જ્યોતીગ્રામ અથવા ૨૪ કલાકના ફીડર પર ફેરવવા સૂચિત કરવામાં આવેલ.
- આમ, જો સીમશાળાના વીજજોડાણોને નજીકના જ્યોતીગ્રામ ફીડર અથવા ૨૪ કલાકના ફીડર પરથી વીજ પૂરવઠો પૂરો પાડવામાં આવે તો તેને વિના વિક્ષેપે ગુણવત્તસભર વીજ પૂરવઠો મળી શકે, અને કોમ્પ્યુટર્સ જેવા ઉપકરણોના ઉપયોગથી શિક્ષણના સ્તરમાં સુધારો થઇ શકે.
- એ બાબતે જણાવવાનું કે, આવા હયાત સીમશાળાના (યાદી મુજબની કુલ ૯૭ સીમશાળા માટે) વીજજોડાણોને નજીકના જ્યોતીગ્રામ અથવા ૨૪ કલાકના ફીડર પર ફેરવવા માટે ઊભી કરવામાં આવતી માળખાકીય સુવિધાને લગતો તમામ કુલ ખર્ચ રૂ. ૯.૦૨ કરોડના ખર્ચે કુલ ૬૪ સીમશાળાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માં ૬.૬૭ કરોડના ખર્ચે ૫૪ સીમશાળા તથા વર્ષ ૨૦૨૦–૨૧ માં ૨.૩૫ કરોડના ખર્ચે ૧૦ સીમશાળાના કામ કરવામાં આવેલ છે, ઉપરાંત વીજચોરી અને અકસ્માત નિવારવા આવા કનેકશનને નજીકના હયાત હળવા દબાણવાળા વીજરેષામાંથી એલટી એબીસી દ્વારા વીજપુરવઠો પૂરો પાડવા અથવા HVDS પધ્ધતિ દ્વારા જ આપવા અને HT લાઇન માટે ઓવરહેડ HT AB CABLE નો ઉપયોગ ફરજીયાત કરવાની જોગવાઇ અંગે પણ દરખાસ્ત કરવામાં આવેલ.

(૧૬) કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા બાબત:-

- ખેડૂતો દ્વારા છેલ્લા કેટલાય સમયથી દિવસે પાવર આપવાની રજૂઆત હતી. ખેડૂતોની માંગણીને સંતોષવા ખેડૂતોને દિવસે વિજળી પૂરી પાડવા ગુજરાત સરકાર દ્વારા એક નવીન અભિગમ અપનાવી "કિસાન સૂર્યોદય યોજના" અમલમાં મુકવામાં આવી છે. આ યોજના હેઠળ ખેડૂતોને ખેતીવાડી ફીડર ઉપર દિવસ દરમ્યાન સવારે ૫.૦૦ થી રાત્રીના ૯.૦૦ વાગ્યા દરમિયાન વીજ પુરવઠો આપવામાં આવશે.

- ખેડૂતોને દિવસ દરમિયાન કૃષિ વીજ પુરવઠો પૂરો પાડવા માટે વિગતવાર કરવામાં આવેલ વિશ્લેષણ મુજબ પ્રવહન માળખાને સશસ્કિતકરણની જરૂરિયાત રહે છે. જે નીચે મુજબ છે.

✓ કુલ ૩૩૭૩ સર્કિટ કી.મી જેટલી નવીન ૬૬ કેવી વીજ રેષા આશરે ૨૩૬ નંગ નું નિર્માણ.

✓ કુલ ૧૪ નવીન ૨૨૦ કેવી સબ–સ્ટેશન તથા ૦૧ નવીન ૧૩૨ કેવી સબ–સ્ટેશનનું સંલગ્ન વીજ રેષા સહિત પ્રસ્થાપિત કરવા.

- ઉપરોક્ત માળખાકીય સુવિધા ઉભી કર્યા બાદ સમગ્ર ગુજરાતના ખેડૂતોને તબક્કાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વિજળી આપવાનું આયોજન છે.
- કિસાન સૂર્યોદય યોજના ના અમલીકરણ માટે ટ્રાન્સમીશન માળખાનું વિસ્તરણ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા આવનારા ત્રણ વર્ષ દરમ્યાન આશરે રૂ ૩૫૦૦ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. આ અંતર્ગત ગુજરાત રાજ્યના તમામ ૩૩ જીલ્લાઓને તબ્ક્કાવાર આવરી લેવામાં આવશે.
- વર્ષ ૨૦૨૦–૨૧ માં પ્રથમ ચરણમાં માનનીય પ્રધાનમંત્રી દ્વારા તા ૨૪.૧૦.૨૦૨૦ ના રોજ કિસાન સૂર્યોદય યોજનાનું શુભારંભ કરવામાં આવ્યો અને આ યોજનાના અનાવરણ નાં દિવસથી દાહોદ જીલ્લા નાં તમામ ૬૯૨ ગામો ગીર–સોમનાથ જીલ્લા નાં ૧૪૩ ગામો જુનાગઢ જીલ્લા નાં ૨૨૦ ગામો ને પૂર્ણ/આંશિક રીતે આવરી લેવામાં આવેલ છે. આમ કુલ ૧૦૫૫ ગામો તા. ૩૧–૧૦–૨૦૨૦ થી આ યોજના અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. તે ઉપરાંત મહીસાગર જીલ્લા નાં વધુ ૫૫ ગામો પંચમહાલ જીલ્લા નાં વધુ ૨૮ ગામો અમરેલી જીલ્લા નાં વધુ ૫ ગામો અને રાજકોટ જીલ્લાનું વધુ ૧ ગામને આ યોજના અંતર્ગત પૂર્ણ/આંશિક રીતે આવરી લેવામાં આવેલ છે.
- માર્ચ–૨૦૨૧ની સ્થિતિએ કિસાન સૂર્યોદય યોજના ગુજરાત રાજ્યના સમગ્ર ૩૩ જીલ્લાઓના સેન્સસ–૨૦૧૧ મુજબના કુલ ૧૮૨૨૫ ગામો માંથી ૩૯૧૫ ગામોને પૂર્ણ/આંશિક રીતે આવરી લેવામાં આવેલ છે અને બાકી રહેતા તમામ જીલ્લાઓના

ગામોનો સમાવેશ માળખાકીય સુવિધા ઉભી કર્યા બાદ તબક્કાવાર "કિસાન સુર્યોદય યોજના" હેઠળ આવરી લેવાનું આયોજન છે.

- આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ માં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦૦ કરોડની નાણાંકીય જોગવાઇ કરવામાં આવેલ છે. જેની સામે માર્ચ-૨૦૨૧ અંતે રૂ. ૪૦૦ કરોડના ખર્ચે ૨૩૨.૫૦ સર્કિટ કી.મી જેટલી નવીન વીજ રેષાનું નિર્માણ કરવામાં આવેલ છે.

૧૭) SURYA- Gujarat - સૂર્ય ઉર્જા રૂફટોપ યોજના:-

- રાજ્યના નાના તેમજ મધ્યમ વર્ગના વીજ ગ્રાહકોને વીજ બીલમાં રાહત આપવાના હેતુથી અને રહેણાંક ક્ષેત્રે સોલાર રૂફ ટોપનો વ્યાપ વધારવા રાજય સરકારશ્રી દ્વારા તા.૦૫.૦૮.૨૦૧૯ થી સૂર્ય ઉર્જા રૂફ ટોપ યોજના ('સૂર્ય-ગુજરાત') શરુ કરવામાં આવી છે. રૂફટોપ સિસ્ટમ લગાવવામાં ગુજરાત પ્રથમ નબરે છે.
- આ યોજના માટેની સબસિડીની રકમમાં વધારો કરી ૩-કિલોવોટ સુધી નિયત કરેલ કિંમતના ૪૦% સબસિડી તથા ૩કિલોવોટથી વધુ અને ૧૦ કિલોવોટ સુધી ૨૦% સબસિડી આપવામાં આવે છે.
- તદ્દઉપરાંત, ગ્રૂપ હાઉસિંગ સોસાયટી(GHS/રેસિડેન્સિયલ વેલ્ફેર એસોસિએશન (RWA)ની સોસાયટીની લાઇટ, સોસાયટીનુ વોટરવર્કસ, લિફ્ટ, જીમ, સ્વીમિંગપુલ, બગીચો વગેરે જેવી મઝિયારી(Common) સુવિધાઓના વીજજોડાણો માટે સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત કરવા ૨૦% સબસિડી(CFA) નિયમાનુસાર મળવા પાત્ર છે.

૧૮) પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજના કોમ્પોનન્ટ – B

- રાજ્ય સરકારના ઉ. અને પે. વિભાગના ઠરાવ ક્રમાંક: બજટ/૨૦૧૪/૧૪૪૭/બ૧ તા.૧૯/૬/૨૦૨૦ થી ખેડૂતોના લાભાર્થે કેન્દ્ર સરકારની પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનન્ટ-B હેઠળ સ્ટેન્ડ એલોન ઓફ ગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાનીયોજના જાહેર થયેલ છે.
- રાજ્ય સરકારદ્વારા ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ (GUVNL) ને આ યોજનાના અમલીકરણ માટે 'સ્ટેટ નોડલ એજન્સી' નીમવામાં આવેલ છે.
- આ યોજનામાં જ્યાં ગ્રીડ સપ્લાય ઉપલબ્ધ નથી તેવા ઓફ ગ્રીડ વિસ્તારમાં પિયત માટે/હયાત ડીઝલથી ચાલતા પંપ સેટને બદલવા માટે ખેડૂતોને સ્ટેન્ડ એલોન સોલાર એગ્રીકલ્ચર પંપ સ્થાપિત કરવા માટે સહાય કરવામાં આવશે. આ યોજનામાં હયાત ગ્રીડથી વીજજોડાણ આપવુ ટેક્નીકલી શક્ય ન હોય તેમજ કોમર્શીયલી વાયેબલ(વ્યવહારૂ) ન હોય તેવા દુર-સુદુરના વિસ્તાર,જંગલ,ઓફ ગ્રીડ વિસ્તારમાંડીઝલથી ચાલતા પંપ સેટને બદલવામાટે ખેત તલાવડી તથા સરફેસ વોટરથી પિયત સુવિધા ધરાવતા અરજદારોનો સમાવેશ કરવામાં આવશે.
- આ યોજનામાં સોલાર ફોટોવોલ્ટેઇક સંચાલિત ઓફ ગ્રીડ આધારીત, કૃષિ હેતુ ૧ હો.પા.,૨ હો.પા.,૩ હો.પા., ૫ હો.પા., ૭.૫ હો.પા.અને ૧૦ હો.પા.ના DC /AC સબમર્સીબલ પંપ (વોટર ફિલ્ડ મોટર્સ), સરફેસ પંપ અને સબમર્સીબલ પંપ (ઓઈલ ફિલ્ડ મોટર્સ) સોલાર પંપનો સમાવેશ થઇ શકશે.
- રાજ્ય સરકારની અગાઉની સોલાર પંપની યોજનાના અને જંગલ વિસ્તારના અરજદારોને આ યોજનાના ધારા ધોરણો અનુસાર સમાવેશ કરવામાં આવેલ છે.
- સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિઓનો ઉપયોગ કરતા અથવા સૂક્ષ્મ સિંચાઇ યોજનાઓ હેઠળ આવરી લેનારા અથવા સૂક્ષ્મ સિંચાઇ સિસ્ટમની યોજનામાં જોડાનાર ખેડુતો/અરજદારોને યોજનાના ધારા ધોરણો પ્રાધાન્ય આપવામાં આવશે.
- આ યોજના હેઠળ પિયત સહકારી મંડળી/સંગઠન અને ક્લસ્ટર આધારિત સિંચાઈ સિસ્ટમ પણ આવરી લેવામાં આવશે. જો કે, નાના અને સીમાંત ખેડુતોને પ્રાધાન્ય આપવામાં આવશે.
- આ યોજનામાં લાભાર્થીને કુલ સીસ્ટમ ખર્ચના ૩૦% રકમ કેન્દ્ર સરકારની સહાય (CFA) તરીકે,૩૦% રકમ રાજ્ય સરકારની સહાય (સબસીડી) તરીકેઆપવામાં આવશે અને બાકીની ૪૦% રકમ લાભાર્થી એટલે કે ખેડુતે ભોગવવાની રહેશે.

  ઉપરોક્ત સબસીડી/CFA ૭.૫ હો.પા. ની ક્ષમતા સુધીના પંપસેટ માટે મર્યાદિત રહેશે. ૭.૫ હો.પા. થી ઉપરની ક્ષમતાના પંપસેટ માટે ૭.૫ હો.પા. ના પંપસેટને મળવા પાત્ર સબસીડી લાગુ પડશે અને તફાવતની રકમ લાભાર્થીએ ભરવાનીરહેશે.

સબમર્સીબલ પંપ (Oil Filled Motors) ના CFA /સબસિડીની ગણતરી માટે વોટરફિલ્ડ મોટર (Water Filled Motors) ના નિયત દર ગણતરીમાં લેવામાં આવશે અને તફાવતની રકમ લાભાર્થીએ ભરવાનીરહેશે.

- આ યોજનામાં જોડવા માટે જે તે અરજદાર તેમના વતી માન્ય એજન્સી (Empanelled Agency) દ્વારા સ્ટેટ પોર્ટલ https://pmkusum.guvnl.com પર જરૂરી દસ્તાવેજો સાથે ઓન લાઇન અરજી નોંધણી કરાવશે.
- MNRE દ્વારા એલોટ થયેલ અને GUVNL દ્વારા એમપાનેલ કરેલ એજન્સીઓની યાદી સ્ટેટ પોર્ટલ પરથી મળી શકે છે.
- પોર્ટલ પર મળેલ ઓન લાઇન અરજીઓને યોજનાના ધારા ધોરણો અનુસાર અગ્રતાક્રમમાં મૂકવાની ગોઠવણ દરમહિનાના અંતે પોર્ટલ પર કરવામાં આવશે.
- બજેટnની જોગવાઈ મુજબ, અગ્રતાક્રમમાં આવતા અરજદારને રૂ.૧૦૦૦/- ડીપોઝીટ પેટે જે તે સંબંધીત પેટા વિભાગીય કચેરીમાં ભરવાના રહેશે. પાત્રતા ધરાવતા અરજદારોની ડીપોઝીટની રકમ પંપ સેટ્સ માટે ભરવાની થતી ફાળાની રકમ સામે સરભર કરી આપવામાં આવશે.
- ડીપોઝીટની રકમ જે તે સંબંધીત પેટા વિભાગીય કચેરીમાં ભર્યા બાદ ડૉક્યુમેન્ટ તપાસણી કરવામાં આવશે અને લાભાર્થીએ પેટાવિભાગીય કચેરીએ ‘આધાર’ ઓથેંટિકેશન કરાવવાનું રહેશે.
- પાત્રતા ધરાવતા અરજદારે એમએનઆરઈ થકી EOI પ્રક્રિયાથી નિયત કરેલ સોલાર સિસ્ટમની કુલ કીંમતના ૪૦% ફાળાનીરકમ તથા વધારાની ભરવાપાત્ર રકમ સંલગ્ન વીજ વિતરણ કંપનીની જે તે પેટા વિભાગીય કચેરી ખાતે એક મહિનામાંભરપાઈ કરવાની રહેશે.
- કેપેસીટી વાઈઝ સોલાર વોટર પમ્પનું ભાવ પત્રક, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સબસીડી તથા ખેડૂતે ચૂકવવાપાત્ર ફાળાની રકમ (GST સાથેના ભાવ)ની માહિતી સ્ટેટ પોર્ટલ પરથી મળી શકે છે.

(૧૯) પ્રધાન મંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન
(PM-KUSUM) યોજના કોમ્પોનન્ટ – C

- આ યોજનામાં ગ્રીડ સાથે જોડાયેલ સિંચાઇ હેતુ માટેના ખેતીવાડી વિજજોડાણ ધરાવતા ખેડૂતો તથા પિયત સહકારી મંડળી/સંગઠન અને કલસ્ટર આધારિત સિંચાઈ સિસ્ટમ ધરાવતા અરજદારો લાભ લઈ શકે છે આ યોજના અંતર્ગત ખેડૂત સૌર ઉર્જા થકી વીજળી ઉત્પન્ન કરી, જરૂરીયાત મુજબ વાપરી વધેલી વીજળીને વેચી વધારાની આવક મેળવી શકે છે.
- આ યોજનામાં ગ્રીડ સાથે જોડાયેલ સિંચાઇ હેતુ માટેના ખેતીવાડી વિજજોડાણ ધરાવતા અરજદારો નો સમાવેશ થઇ શકશે.
- આ યોજના હેઠળ પિયત સહકારી મંડળી/સંગઠન અને કલસ્ટર આધારિત સિંચાઈ સિસ્ટમ પણ આવરી લેવામાં આવશે. જો કે, નાના અને સીમાંત ખેડુતોને પ્રાધાન્ય આપવામાં આવશે.
- સિંચાઇના હેતુ માટે પાણીનો ઉપયોગ ઓછો કરવા માટે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિઓનો ઉપયોગ કરતા અથવા સૂક્ષ્મ સિંચાઇ યોજનાઓ હેઠળ આવરી લેનારા અથવા સૂક્ષ્મ સિંચાઇ સિસ્ટમની યોજનામાં જોડાનાર ખેડુતો પ્રાધાન્ય અરજદારોને/ આવશે આપવામાં.
- જે તે ખેતીવાડી ફીડર પરના ઓછામાં ઓછા ૭૦ % સુધી ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો આ યોજનામાં જોડાવા સહમતી આપે તેવા ફીડરનો આ યોજનામાં સમાવેશ થઇ શકશે.
- ડાર્ક ઝોન વિસ્તાર માં સુક્ષ્મ પિયત પદ્ધતિ નો ઉપયોગ કરતા હયાત વીજ જોડાણ ધરાવતા ખેડૂતો જ આ યોજના માં જોડાઈ શકશે.
- આ યોજનામાં જોડતા ખેડૂતો પોતાના ખેતરમાં તેમના સિંચાઇ હેતુંના ખેતીવાડી વીજ જોડાણના કરારીત વિજભારને HP માથી KW માં રૂપાંતરિત કરી, જેતે KW ના ૧.૭૫ ગણા લેખે સોલાર ફોટોવોલ્ટિક પીવી સ્થાપિત કરી શકશે.
- યોજનામાં સમાવેશ કરવામાં આવેલ ફીડરમાં સોલાર સિસ્ટમ થી ઉત્પાદિત વીજળીને ગ્રિડમાં મોકલવા (inject) કરવા માટે દિવસ દરમ્યાન સૂર્યોદય થી સુર્યાસ્ત સુધી થ્રી ફેઝ વીજ પુરવઠો ચાલુ રાખવાનો રહેશે. ભૂગર્ભજળનું શોષણ (water

exploitation) ઘટાડવા અને પાણીનો સંચય કરવાના હેતુથી યોજનામાં ભાગલેતા ખેડૂતના પંપસેટને રાજયસરકારની નીતિ મુજબ ૮ કલાક સીમીત વીજ પુરવઠો મળી રહે તે માટે ટેકનીકલ વયવસ્થા કરવાની રહેશે.

- જે ખેડૂતો આ યોજનામાં જોડાય તે ખેડુતોએ સોલાર સિસ્ટમ સ્થાપિત કરવાના કુલ ખર્ચના ૩૦ રકમ %કેન્દ્ર સહાય સરકારની (CFA) તરીકે, ૩૦ % સહાય સરકારની રાજ્ય રકમ સબસિડી તરીકે આપવામાં આવશે અને બાકીની ૪૦% રકમ લાભાર્થી એટલે કે ખેડુતે ભોગવવાની રહેશે.
- ઉપરોક્ત સબસીડી & CFA ૭.૫ હો.પા. ક્ષમતા ની.સુધીના કરારીત વિજભાર ધરાવતા વિજજોડાણ માટે, તેમના કરારીત વિજભારના KW ના ૧.૭૫ ગણા લેખે સોલાર ફોટોવોલ્ટિક પીવી માટે મર્યાદિત રહેશે .
- આ યોજના માં મળવાપાત્ર સોલાર સીસ્ટમ માટે ૭.૫ હો.પા. સુધીના જ કરારિત વીજભાર ધરાવતા ખેતીવાડી વીજ જોડાણ નો સમાવેશ કરી શકાશે. ૭.૫ હો.પા. થી ઉપરના કરારિત વીજભાર ધરાવતા વીજ જોડાણો માટે સોલાર ક્ષમતા અને સબસીડી માટે ૭.૫ હો.પા. ના ખેતીવાડી વીજ જોડાણ ને મળવાપાત્ર ક્ષમતા સુધી મર્યાદિત રહેશે.
- ખેડૂત અને જે તે વીજવિતરણ કંપની વચ્ચે વધારાની ઉત્પાદિત સોલાર વીજળીની ખરીદ–વેચાણ માટે ૨૫ વર્ષનો કરાર કરવામાં આવશે. આ કરાર દરમિયાન ખેડૂત દ્વારા ખેતીવાડી સિંચાઇ હેતુના વીજ વપરાશ ને બાદ કર્યા પછીની ગ્રિડમાં નાંખેલ વધારાની સરપ્લસ (surplus) (net-injected) વીજળી જે તે વીજવિતરણ કંપની દ્વારા રૂપિયા ૨.૮૩ પ્રતિ યુનિટના દરે ૨૫ વર્ષો સુધી ખરીદવામાં આવશે. આ માટે માનનીય GERC દ્વારા નક્કી થયેલ દર માન્ય રહેશે.
- જે તે ફીડર ના આ યોજના માં ન જોડાતા ગ્રાહકોનો થ્રી ફેઝ વીજ પુરવઠો પ્રવર્તમાન નીતિ મુજબ ૮ (આઠ) કલાક મળવાપાત્ર રહેશે.